# એક એવા બંધનથી મુક્ત થઈએ જે સર્વ બંધનોથી મુક્તિ અપાવે

બ્રહ્માકુમાર પ્રફુલચંદ્ર શાહ ; (M) 9825892710



બંધન કોઈને ગમતું નથી. દરેક વ્યક્તિ ઇચ્છે છે મારું જીવન સર્વ પ્રકારના બંધનોથી કે ગુલામીથી મુક્ત હોય. એક ગગન વિહાર કરતાં મુક્ત પંખીની જેમ મારું જીવન પણ બંધનોથી મુક્ત, ખુશ ખુશાલ હોય. હું મારી ઇચ્છા મુજબ મારું જીવન વ્યતીત કરું. પરંતુ જો વિશ્વની વર્તમાન પરિસ્થિતિ તેમજ વિશ્વમાં ઘટતી ઘટનાઓ પર નજર દોડાવીશું તો ભાગ્યેજ કોઈ વ્યક્તિ હશે જે સહજ મુક્તિનો અહેસાસ કરતો હોય. બધાં જાણે બંધનોથી મુક્ત થવા માટે ઝઝૂમતા હોય તેમ લાગ્યા વગર નહીં રહે, પછી તે વ્યક્તિ હોય કે વસ્તુ. જડ પદાર્થના અણુ કે કણથી માંડીને પૃથ્વી પર ઉચ્ચતમ ચેતના ધરાવતી મનુષ્ય આત્મા કેમ ન હોય. જડ કે ચેતન દરેકના પ્રયાસ મુક્તિ તરફના હોય છે, દરેકની વૃત્તિ અનંત તરફના પ્રયાણની હોય છે.

આવી જ મહેચ્છાના કારણે સાધુ–સંતો, ધર્મ પ્રેમીઓ પ્રાર્થના કરે છે સાધના કરે છે. ચોર લુટેરા ચોરી કરે છે, રાજકારણીઓ ભષ્ટાચાર કરે છે કે વ્યાપારીઓ કરચોરી બેઈમાની પણ કરે છે. પરંતુ જ્યારે આ દિશામાં કરેલા પ્રયાસ નિષ્કામ, નિસ્વાર્થ ભાવથી, સર્વમંગળની કામનાથી કરેલા હશે તો તે સત્ય દિશાના પુરવાર થશે અને આપણે સાચા અર્થમાં મુક્તિનો અહેસાસ કરી શકીશું પરતું જો પ્રયાસની દિશા ખોટી હશે સ્વાર્થ સંપન્ન, દુષ્ટ ભાવના વાળી હશે તો સ્વયંમનું તેમજ અન્યનું અહિત કરનારું પૂરવાર થશે. આ બંને પ્રકારના પ્રયાસમાં Impulse is same struggle for freedom. વાસ્તવમાં ફ્રીડમ જાગૃત કે અજાગૃત ; ચેતન કે જડ દરેકનું કુદરતી લક્ષ છે. ફર્ક ફક્ત એટલોજ છે કે સ્વતંત્રતા પ્રેમી આત્માઓ તેમનો પ્રયાસ આત્મ દર્શન કરી પરમાત્મા સાથે અનુસંધાન પ્રસ્થાપિત કરી અનંતનો, પરમશાંતિનો, પરમાનંદનો અનુભવ કરી સાચા અર્થમાં મુક્તિનો અનુભવ કરે છે. જ્યારે જે દિશાના પ્રયાસ એક ચોર કે ભષ્ટાચારી કરે છે ત્યારે તેનું લક્ષ સ્વતંત્રતા હોવા છતાં, વધુને વધુ બંધનમાં ફસાય છે.

સાચા અર્થમાં મુક્તિ એટલે શું? સાચી મુક્તિ કોને કહેવાય? મુક્તિની સાચી સંકલ્પના શું છે. તે વિષે ઘણી બધી ભ્રામક માન્યતાઓ અને વિચારધારાઓ પ્રવર્તે છે. કેટલાક લોકો એમ માને છે કે મારી જ્યારે જ્યાં જે ઇચ્છા થાય તે કરવા હું મુક્ત હોઉં તે મુક્તિ છે. આપણા શાસ્ત્રોમાં પણ મુક્તિનું એક અર્થઘટન ભ્રાંતિ વાળું છે. શ્રીમદ ભગવદ ગીતાના કે વિશ્વના કેટલાક અન્ય ધર્મોના સંદર્ભમાં જોઈએ તો પુરુષ-Man, પ્રકૃતિ-Matter, અને પરમાત્મા- God વચ્ચે ખેલાઈ રહેલું આ વિશ્વ નાટક એક ચક્રના રૂપમાં અનાદિ સમયથી ચાલતું આવ્યુ છે અને અનંત સુધી ચાલતું રહેશે. આ વિશ્વનાટકના ચક્રમાં આપણે મનુષ્ય આત્માઓ એકટર્સ છીએ જે જન્મ-મૃત્યુના ચક્રમાં આવી સુખ-દુ:ખનો અનાદિ પાર્ટ ભજવી છીએ. આ સંધર્ભમાં કેટલાકનું એવું માનવું છે કે આપણી આત્માના આ સુખ-દુ:ખની અનુભૂતિ વાળા તેમજ જન્મ-મૃત્યુના ચક્ર વાળા આપણા આ પાર્ટથી મુક્તિ તે મુક્તિ છે. કેટલાક આત્માના બ્રહ્મમાં સમાઈ જવાને મુક્તિ માને છે. આ કેટલું યથાર્થ છે તે વિચાર માંગી લે છે. એક બાજુ આપણે એમ માનીએ છીએ કે આ વિશ્વનાટક અનાદિ, અવિનાશી, શાશ્વત, અને સનાતન છે તેમાં આપણો, અર્થાત મનુષ્ય આત્માઓનો, એકટર્સના રૂપમાં પાર્ટ તેમજ પરમાત્માનો ડાયરેક્ટરના રૂપમાં પાર્ટ અનાદિ

અવિનાશી છે. આત્માનું અમરત્વ પણ તેના આ અનાદિ અવિનાશી જન્મ મરણના પાર્ટમાં જ સમયેલું છે. ગીતમાં તો સ્પષ્ટ લખ્યુ છે કે જેનો જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત છે અને જેનું મૃત્યુ છે તેનો જન્મ પણ નિશ્ચિત છે. તો આ પાર્ટમાંથી બહાર નીકળી જવું તેનાથી મુક્ત થઈ જવું તેને મુક્તિ માનવી તે શું એક વિરોધાભાસ નથી?

આ વિશ્વ નાટકની અનંતતા તેમજ અવિનાશીતાનો આધાર નાટકના ડાયરેક્ટર (પરમાત્મા) ના તેમજ નાટકના અકટર્સ મનુષ્ય આત્માઓના અનાદિ અવિનાશી પાર્ટમાં સમાયેલો છે. મનુષ્ય આત્માઓનો આ વિશ્વ નાટકમાં પાર્ટ જ તેના અસ્તિત્વની અસલી વજુદ છે. આત્માના અસ્તિત્વનું મહત્ત્વ પણ તેના આ અવિનાશી પાર્ટમાં સમાયેલું છે. એટલે જન્મ મરણના ચક્રમાંથી મુક્તિની સંકલ્પના કે વિચારધારા જ યોગ્ય ન ગણાય. તો પછી સાચી મુક્તિ કોને કહી શકાય? મુક્તિની સત્ય સંકલ્પના શું છે? આવો આને સમજવાનો પ્રયાસ કરીએ.

આ સૃષ્ટિનાટકનું ચક્ર સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, અને કળિયુગ એમ ચાર યુગનું છે. કળિયુગ ના અંતે ચક્ર પૂરું થતાં સતયુગના આદિથી તેનું ફરી પુંરાવર્તન થાય છે. આ ચક્રનો સતયુગ ત્રેતાયુગનો આપણો પાર્ટ સંપૂર્ણ પવિત્ર, વિકારો તેમજ વિકર્મોથી મુક્ત હોય છે એટલે ત્યાં સંપૂર્ણ સુખ, શાંતિ અને સમૃધ્ધિ પ્રવર્તે છે. ત્યાં કોઈ અપ્રાપ્ય વસ્તુ હોતી જ નથી. ત્યાં આત્માને કોઈ વ્યક્તિનું કે વસ્તુનું કોઈ બંધન હોતું નથી. એટલે તેને આત્માની જીવનમુક્ત અવસ્થા કહેવામાં આવે છે અને તે જ સાચી મુક્તિ છે. પરંતુ દ્વાપરયુગ શરૂ થતાં આપણે આપણી આત્મિક સ્મૃતિને ભૂલી દેહ ભાનમાં આવી જઈએ છીએ. દેહ ભાનમાં આવવાને કારણે આપણે વિષય વિકારને વશીભૂત થઈએ છીએ. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, સ્વાર્થ, ઈર્ષા વગેરેથી ગ્રસ્ત થઈ જઈએ છીએ અને તેમના પ્રભાવમાં અનેક વિકર્મો કરી બેસીએ છીએ. તેના પરિણામ સ્વરૂપ આપણે અનેક પ્રકારના દુ:ખ, અશાંતિ, રોગ, શોક, ભય, ચિંતા,તણાવ, વ્યગ્રતાથી ગ્રસ્ત થઈ જઈએ છીએ અને કળિયુગના અંતે તો દરેક આત્મા અનેક પ્રકારના વિકારોના બંધનમાં તેમજ અનેક વ્યક્તિઓ સાથેના કર્મબંધનમાં બંધાઈ જાય છે.

આવા કળિયુગના અંતિમ સમયે પરમાત્માએ અતિ ધર્મગ્લાનિના સમયે અવતરિત થવાના આપેલા વચન અનુસાર તેઓ ધરતી પર અવતરિત થઈ સત્ય જ્ઞાન તેમજ રાજયોગની શિક્ષા આપે છે. જે આત્માઓ આ જ્ઞાન તેમજ યોગની શિક્ષાનો અભ્યાસ કરે છે તેમજ પરમાત્માએ આપેલી શ્રીમતને અનુસરીને વિષય વિકારો પર વિજય મેળવે છે, પોતાના વિકર્મોનો વિનાશ કરે છે તે આત્માઓ સર્વ બંધનોથી મુક્તિ મેળવે છે. રાજયોગના અભ્યાસમાં આત્માનું પરમાત્મા સાથે અનુસંધાન પ્રસ્થાપિત થાય છે અને આત્મા પરમ શાંતિ, સુખ, આનંદ, પ્રેમ, શક્તિનો સહજ અનુભવ કરે છે. આજ આત્માની સાચી મુક્ત અવસ્થા છે. એટલે સાચા અર્થમાં આપણે મુક્તિનો અહેસાસ કરવો હોય તો પરમાત્માએ શીખવેલા રાજયોગનો અભ્યાસ કરી વિકર્મો તેમજ વિકારોથી મુક્ત થઈએ અને આવનાર સતયુગી દુનિયાના આપણા જન્મ દરમ્યાન જીવન હોવા છતા મુક્તિનો સાચો અહેસાસ કરીએ. પરમાત્માએ શીખવેલા આ રાજયોગાના શિક્ષણ તેમજ તાલિમ માટે આપ આપની નજદિકના બ્રહ્માકુમારીઝના સેવકેન્દ્રની મુલાકાત લઈ શકો છો.

----- ૐ શાંતિ.-----